ક્રાંતિગુરૂ શયામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભૂજ–કચ્છ    ફોનનં.(૦૨૮૩૨)૨૩૫૦૦૨,૨૩૫૦૧૨

રે.ફ.નં./ક.યુ./ઈ.સી./ ૨૦૨૦/    તા.૩૧/૦૩/૨૦૨૦

પ્રતિ,

એકિઝકયુટીવ કાઉન્સિલના

તમામ સભ્યશ્રીઓ તરફ..

**વિષયઃ**–તા. ૩૦/૩/૨૦૨૦ ના રોજ યોજાયેલ એકિઝકયુટીવ કાઉન્સિલની મિટીગની મિનિટ્સ મોકલવા બાબત.

માન. સભ્યશ્રી,

સવિનય સાથ ઉપરોકત વિષયે જણાવવાનું કે, તા. ૩૦/૩/૨૦૨૦ ના રોજ કોનફરન્સ રૂમ, કચ્છ યુનિવર્સિટી કેમ્પસ ખાતે યોજાયેલ એકિઝકયુટીવ કાઉન્સિલની મિટીગની મિનિટ્સ આ સાથે સામેલ રાખી આપશ્રીને મોકલી રહયા છીએ. જે આપશ્રીને વિદિત થાય.

કુલસચિવ

**નકલ રવાના જાણ અર્થે :**

૧. માનનીય કુલપતિશ્રીનું કાર્યાલય, માનનીય કુલપતિશ્રીના નમ્ર ધ્યાન પર મુકવા

**નકલ રવાના :**

૧. સંબંધિત ફાઈલે

**તારીખ ૩૦મી માર્ચ ૨૦૨૦નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે કોન્ફરન્સ રૂમ, કચ્છ યુનિવર્સિટી કેમ્પસ ખાતે એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની મળેલ મિટીગની મિનિટ્સ નોંધ :**

370001

---

આજ રોજ તારીખ ૩૦ માર્ચ ૨૦૨૦નાં રોજ સવારે ૧૧:૦૦ કલાકે કોન્ફરન્સ રૂમ, કચ્છ યુનિવર્સિટી કેમ્પસ ખાતે એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની મિટીગ માનનીય કાર્યકારી કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ. નવરચિત એક્ઝિક્યુટીવ કાઉન્સિલની આ પ્રથમ મિટીગમાં અધ્યક્ષશ્રીએ સૌ સભ્યશ્રીઓને આવકાર્યા અને ત્યાર બાદ મિટીગની આગળની કાર્યવાહી શરૂ કરવામાં આવી.

આ મિટીગમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

| ક્રમ | સભ્યશ્રીનું નામ અને હોદ્દો | | હાજર/ ગેર હાજર |
|---|---|---|---|
| ૧. | પ્રો. ડૉ. પી. એસ. હિરાણી<br>માનનીય કાર્યકારી કુલપતિશ્રી,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | અધ્યક્ષશ્રી | હજર |
| ૨. | ડાયરેક્ટર ઓફ હાયર એજ્યુકેશન<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | સભ્યશ્રી | ગેર હાજર |
| ૩. | ડાયરેક્ટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | સભ્યશ્રી | ગેર હાજર |
| ૪. | ડાયરેક્ટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ<br>મેડિકલ એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય, ગાંધીનગર. | સભ્યશ્રી | ગેર હાજર |
| ૫. | ડૉ. પી. એસ. હિરાણી<br>ડીનશ્રી, વાણિજ્ય વિદ્યાશાખા<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ૬. | ડૉ. કાશ્મીરા મહેતા<br>ડીનશ્રી, વિનયન વિદ્યાશાખા<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ૭. | ડૉ. મનિષ પંડયા<br>સંલગ્ન કોલેજના આચાર્યશ્રી,<br>ગાંધીધામ કોલેજીયટ બોર્ડ સંચાલિત –<br>તોલાણી કોમર્સ કોલેજ, આદિપુર | સભ્યશ્રી | હાજર |
| ૮. | ડૉ. પરેશ રાવલ<br>સંલગ્ન કોલેજના આચાર્યશ્રી,<br>સરકારી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, રાપર | સભ્યશ્રી | હાજર |

| | | | |
|---|---|---|---|
| ૯. | ડૉ. વિજય વ્યાસ<br>પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ૧૦. | ડૉ. આર.વી. બસીયા<br>એસોસીયેટ પ્રોફેસર, અંગ્રેજી ભવન<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ૧૧. | ખાલી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ | સભ્યશ્રી | — |
| ૧૨. | ખાલી<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિ | સભ્યશ્રી | — |
| ૧૩. | શ્રી મિલીન્દ સોલંકી<br>કાર્યકારી મેમ્બર સેક્રેટરી<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | કા. મેમ્બર સેક્રેટરી | હાજર |

**૧. નવરચિત એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓના આવકાર બાબત**

માનનીય અધ્યક્ષશ્રી દ્વારા નવરચિત એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સૌ સભ્યશ્રીઓને આવકાર્યા બાદ આગળની કાર્યવાહી શરૂ કરવામાં આવી.

**૨. ગત મિટીંગની મિનિટ્સ નોંધનું વાંચન અને બહાલી**

ગત તા. ૧/૨/૨૦૨૦ નાં રોજ મળેલ મિટિંગની મિનિટ્સનું વાંચન કરવામાં આવેલ અને સૌ સભ્યશ્રીઓ દ્વારા ગત તા. ૧/૨/૨૦૨૦ નાં રોજ મળેલ મિટિંગની મિનિટ્સને સર્વાનુમતે બહાલ રાખવામાં આવી.

**૩. કા. કુલસચિવ તરીકેનો કાર્યભાર સોંપવા બાબત..**

પૂર્વ કુલપતિશ્રી ડૉ. દર્શનાબેન ધોળકિયા દ્વારા કા.કુલસચિવ તરીકેનો કાર્યભાર સંભાળતા ડૉ.તેજલકુમાર શેઠ, પરીક્ષા નિયામકશ્રીને તા.૨૭/૩/૨૦૨૦ના રોજ કા.કુલસચિવના કાર્યભારમાંથી અન્ય કોઈ પણ અધિકારીને ચાર્જ સોંપયા વગર ફરજ મુકત કરવામાં આવેલ હતા. કુલસચિવની જગ્યા યુનિવર્સિટીના વહિવટી વડાની જગ્યા હોઈ આ કાર્યભાર અનિવાર્ય સંજોગોમાં આપવાનો થતો હોઈ તેની વહિવટી મહત્તા જોતા તે અંગે યોગ્ય કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલ સમક્ષ આ મુદ્દો મુકવામાં આવ્યો. આ બાબતે પુખ્ત ચર્ચા વિચારણાને અંતે તાતી જરૂરીયાતને ધ્યાને લઈ સર્વાનુમતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ નં. : ૧** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, વર્તમાન પરીસ્થિતિને ધ્યાને લઈ કચ્છ યુનિવર્સિટીના કુલસચિવ તરીકેનો ચાર્જ આજ રોજ મીટિંગ પૂર્ણ થયા બાદ તુરંત જ કચ્છ યુનિવર્સિટી સંલગ્ન

તોલાણી કોમર્સ કોલેજના આચાર્યશ્રી, ડૉ. મનીષ પંડયાને સોંપવામાં આવે છે. શ્રી પંડયાનું હેડકવાર્ટર તથા કોલેજ આદિપુર મુકામે હોઈ આદિપુરથી ભુજ યુનિવર્સિટી તથા તેને લગતા કામકાજની અવર—જવર માટે યુનિવર્સિટીની ગાડી ફાળવવામાં આવે છે.

Krantiguru Shyamji Krishnavarma Kachchh University Bhuj - Kutch

**૪. ચીફ એકાઉન્ટ ઓફિસર તરીકેનો કાર્યભાર સોંપવા બાબત.**

ચીફ એકાઉન્ટ ઓફિસરની જગ્યાએ યુનિવર્સિટી મહેકમની ખૂબ જ અગત્યની જગ્યા છે. સંજોગોવસાત આજ દિન સુધી આ જગ્યા ખાલી રહેલ છે. નાણાંકિય વ્યવહાર, ઓડિટ, બજેટ જેવી અગત્યની કામગીરી માટે હાલ તુરંત આ જગ્યાનો ચાર્જ કોઈ અધિકારીને સોંપવો ખૂબ જ અનિવાર્ય જણાય છે. તમામ સભ્યશ્રીઓએ પુખ્ત ચર્ચા વિચારણાને અંતે તાતી જરૂરીયાતને ધ્યાને લઈ નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ :— ૨** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, નાણાંકિય વ્યવહાર, ઓડિટ, બજેટ તથા તમામ હિસાબી કામગીરી સુપેરે પાર પાડવા ઓ.એસ.ડી. (ફાયનાન્સ) તરીકે નો ચાર્જ આજ રોજ મીટિંગ પૂર્ણ થયા બાદ તુરંત જ પ્રા. મિલિન્દ સોલંકી, આસીસટન્ટ પ્રોફેસર, અંગ્રેજી વિભાગને સોંપવામાં આવે છે.

**૫. વર્તમાન સમયમાં કોવિડ—૧૯ (કોરોના)ને કારણે ઉભી થયેલ પરિસ્થિતિને ધ્યાને લઈ માર્ચ — એપ્રિલ— ૨૦૨૦માં લેવાયેલ પરિક્ષાના અસેસમેન્ટ બાબત.**

કોવિડ—૧૯ (કોરોના) જેવી ગંભીર બિમારીની સ્થિતિમાં જયારે સરકારશ્રીએ લોકડાઉન અને વર્ક એટ હોમની જાહેરાત કરેલ છે. તે સમયમાં અધ્યાપશ્રીઓને યુનિવર્સિટી ખાતે બોલાવી અસેસમેન્ટ કાર્ય કરાવી શકાય તેમ નથી. લેવાઈ ગયેલ પરીક્ષાઓની ઉત્તરવહિઓનું અસેસમેન્ટ કાર્ય કઈ રીતે કરાવવું તે બાબતે વિચારતા સર્વાનુમતે નીચે અનુસાર ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ:— ૩** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, સરકારશ્રીના જાહેનામાનું પાલન કરવું એ આપણા સૌની ફરજ છે. વર્ક એટ હોમના ભાગરૂપ અને હાલની સ્થિતિને જોતા અસેસમેન્ટકાર્ય પરીક્ષકશ્રીઓને ઘરે આપવું અને તે માટે જરૂરિયાત મુજબનું મહેકમ ફાળવવાની મંજૂરી આપવામાં આવે છે. તદઉપરાંત તકેદારીના ભાગરૂપે જરૂરીએવી સેનીટાઈઝેશનની તમામ વ્યવસ્થા અત્રેથી કરવાની રહેશે.

**૬. વર્તમાન સમયમાં કોવિડ—૧૯ (કોરોના) પરિસ્થિતિને કારણે ઉભી થયેલ મુશ્કેલીમાં સહભાગી થવા ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી પરીવાર ફંડ ઉભુ કરી મુખ્યમંત્રી રાહત ફંડમાં યોગદાન આપવા બાબત.**

કોવિડ—૧૯ (કોરોના) જેવી મહામારીને અને રાષ્ટ્રીય આપદાને પહોંચી વળવા મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાં યોગદાન આપી સૌએ આ કાર્યમાં સહભાગી બનીએ તે અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ :– ૪ આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, કચ્છ યુનિવર્સિટી પરિવારના સૌ શૈક્ષણિક તથા બિન શૈક્ષકિણ તમામ કર્મચારીશ્રીઓ તેમનો એક દિવસનો પગાર આપી સહભાગી બને તથા વિદ્યાર્થીઓ, વાલિઓ, અને સમાજને પણ કચ્છ યુનિવર્સિટી વતી અપીલ કરવામાં આવે કે તેઓ પણ આ સમયે પોતાનું યોગદાન આપે.

**૭. વર્તમાન સમયમાં કોવિડ–૧૯ (કોરોના) પરિસ્થિતિને કારણે સરકારશ્રી તેમજ કચ્છ યુનિવર્સિટી તરફથી આકસ્મિક જરૂરીયાતને પહોંચી વળવા થનાર સંભવીત ખર્ચની સત્તા અને મંજૂરી બાબત.**

કોવિડ–૧૯ (કોરોના)ના કારણે ઉભી થયેલ ગંભીર પરિસ્થિતિને ધ્યાને લેતા તે અંગે જરૂરી સેનીટાઈઝેશન, સફાઈ તેમજ અન્ય આનુસંગિક કામોને પહોંચી વળવા નીચે મુજબનો ઠરાવ કરવામાં આવે છે.

**ઠરાવઃ– ૫** આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, આ આકસ્મિક ખર્ચને પહોંચી વળવા યુનિવર્સિટીના વહિવટીવડા કુલસચિવશ્રીને યોગ્ય લાગે તે જરૂરિ ખર્ચ કન્ટિજન્સીમાંથી કરવાની પરવાનગી આપવામાં આવે છે.

**૮. અધ્યક્ષ સ્થાનેથી રજૂઆત..**

જયારે સરકારશ્રી ડિઝીટલ ભારત તરફ ખૂબ ઝડપથી આગળ વધી રહી છે ત્યારે કચ્છ યુનિવર્સિટીએ પણ ડિઝીટલ તરફ આગળ વધવુ જોઈએ. વહિવટી પ્રક્રિયા ઓન લાઈન કરવાના ભાગરૂપ માનનીય અધ્યક્ષ સ્થાનેથી FTP સર્વર ડેવલોપ કરવા રજૂઆત કરવામાં આવેલ. જે સર્વર પર યુનિવર્સિટીના પરિપત્રો, કાર્યાલય આદેશો અન્ય જરૂરિ ડોકયુમેન્સ મુકી શકાય. આ કાર્યથી પર્યાવરણ તથા સ્ટેશનરીનો બગાડ અટકાવી શકાય સાથે જ સંબંધિત તમામને તાત્કાલિક માહિતગાર કરી શકાય અને સમયમાર્યાદામાં જ કામગીરી પણ પૂર્ણ કરી શકાય.

**ઠરાવ :– ૬** યુનિવર્સિટીના હવે પછીના તમામ પરિપત્રો, કાર્યાલય આદેશો વગેરે FTP સર્વર ડેવલોપ કરી તેના ઉપર મુકવા અને યુનિવર્સિટીના લાગતા વળગતા સૌ ને સામેલ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ. (અમલવારી : સિસ્ટમ એન્જિનીયરશ્રી)

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે આ મિટીગને પૂર્ણ જાહેર કરવામાં આવી.

**કુલસચિવ**